તમામ પરીક્ષાઓમાં રેકોર્ડ બ્રેક સ્કોર કરાવતું મેગેઝિન

# મે 2026

## Part 2

કરન્ટ અફેર્સ તો Crack GPSC નું જ


ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ


CRACK GPSC

UPSC - GPSC - PI - PSI - RFO

Dy. SO/મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ

CCE | TAT | TET | HTAT

7600051070

# Most Imp Current Affairs - 16 TO 31 May 2026

## 16 મે

- મધ્યપ્રદેશ હાઈકોર્ટની ઈન્દોર બેન્ચે ધાર સ્થિત ભોજશાળા અને કમાલ મૌલા મસ્જિદ વિવાદમાં મોટો ચુકાદો આપ્યો. કોર્ટે કહ્યું, વિવાદિત પરિસરનું ધાર્મિક ચરિત્ર **દેવી સરસ્વતીનું મંદિર** છે. કોર્ટે 7 એપ્રિલ 2003નો ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (એએસઆઈ)નો આદેશ રદ કરી દીધો, જેમાં મુસ્લિમ સમુદાયને શુક્રવારે નમાઝ પઢવાની પરવાનગી આપવામાં આવી હતી. કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું, જો મૌલાના કમાલુદ્દીન વેલફેર સોસાયટી મસ્જિદ માટે ધારમાં અલગ જમીનની અરજી કરે છે, તો રાજ્ય સરકાર કાયદા મુજબ તેના પર વિચાર કરી શકે છે.

- એલન મસ્કની એઆઇ કંપની **X-AI** એ સોફ્ટવેર ડેવલપમેન્ટને સરળ બનાવવા માટે તેનું પ્રથમ **કોડિંગ એજન્ટ ગ્રોક બિલ્ડ લોન્ચ** કર્યું. આ એઆઇ મોડેલ યુઝરની સૂચનાના આધારે જટિલ કોડિંગ કાર્યો કરી શકે છે. તે હાલમાં પ્રારંભિક પરીક્ષણમાં છે અને ફક્ત પેઈડ સબ્સ્ક્રાઇબર્સને મળશે.

- લદ્દાખના **ચાંગથાંગ** વિસ્તારમાં 2.10 કિમી લાંબી **માડે તોકપો-રાધો સિંચાઇ નહેરનું** ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ નહેર **ન્યોમા** વિસ્તારમાં 14,000 ફૂટથી વધુની ઊંચાઇ પર આવેલી છે અને તે **યાયા ત્સો** સરોવરમાંથી પાણી મેળવે છે. આ પ્રોજેક્ટની શરૂઆત વર્ષ 2022/23માં કરવામાં આવી હતી. તે લદ્દાખના અંતરિયાળ અને ઊંચાઇવાળા વિસ્તારમાં સ્થિત છે. આ નહેર આ વિસ્તારની અંદાજે 100 એકર ખેતીલાયક જમીનને સિંચાઇ પૂરી પાડવા માટે બનાવવામાં આવી છે. યાયા ત્સો સરોવર પક્ષીઓ માટેનું સ્વર્ગ માનવામાં આવે છે અને તેને લદ્દાખની પ્રથમ જૈવવિવિધતા હેરિટેજ સાઇટ (Biodiversity Heritage Site) જાહેર કરવામાં આવી છે.

- બેંગલુરુ સ્થિત ભારતીય સંરક્ષણ કંપની **ફ્લાઈંગ વૅજ ડિફેન્સ એન્ડ એરોસ્પેસ** (FWDA), પોર્ટુગીઝ ફર્મ SKETCHPIXEL LDA સાથેની ભાગીદારી દ્વારા પોર્ટુગલમાં તેના **'કાલ ભૈરવ'** સ્વાયત્ત (Autonomous) કોમ્બેટ UAVનું ઉત્પાદન કરશે. કાળભૈરવ એક MALE (Medium Altitude Long Endurance) સ્વાયત્ત કોમ્બેટ એરક્રાફ્ટ છે જે આધુનિક યુદ્ધ માટે રચાયેલ છે. તે લાંબા અંતરના હુમલા અને દેખરેખ માટે સક્ષમ છે.

## 17 મે

- 17 Mayના વિશ્વ હાઈપરટેન્શન દિવસ ઉજવવામાં આવે છે.

- કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવ દ્વારા **સાસણ ગીર** ખાતે **'લાયન સ્પીસીઝ સ્પોટલાઇટ પ્રોગ્રામ' શરૂ** કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ જૂન 2026માં નવી દિલ્હી ખાતે યોજાનારી પ્રથમ IBCA (International Big Cat Alliance) સમીટના ભાગરૂપે આયોજિત કરાયો હતો. ભારત નવી દિલ્હીમાં પ્રથમ IBCA સમિટનું યજમાનપદ કરશે, જેમાં 95 દેશો ભાગ લેશે. આ ગઠબંધન બિગ કેટની 7 પ્રજાતિઓ (વાઘ, સિંહ, દીપડો,

ક્રિમ દીપડો, ચિત્તો, જગઆર, અને પ્યુમા)ના રક્ષણ માટે કામ કરે છે. ગીરમાં એશીયાઇ સિંહોની સંખ્યા 2025માં વર્ષ 2020ની સાપેક્ષમાં 32%ના વધારા સાથે **891** થઇ છે.

- હૈદરાબાદ સ્થિત CSIR-નેશનલ જીઓફિઝિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યુટ (NGRI) ના વૈજ્ઞાનિકોએ ઉત્તર પ્રદેશમાં **પ્રયાગરાજ અને કાનપુર વચ્ચે** જમીનની નીચે એક પ્રાચીન નદીનો પ્રવાહ શોધી કાઢ્યો છે. વૈજ્ઞાનિક ભાષામાં આને **પેલીઓ-ચેનલ (Palaeo-channel)** કહેવામાં આવે છે, જે વર્તમાન જમીનની સપાટી નીચે દટાયેલા જૂના નદીના માર્ગને દર્શાવે છે. આ ભૂગર્ભ નદી વર્તમાન સપાટીથી આશેર 10થી 15 મીટર નીચે આવેલી છે અને પ્રયાગરાજથી કાનપુર સુધી લગભગ 200 કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલી છે. આ ચેનલની પહોળાઇ આશેર 4થી 5 કિલોમીટર છે. આ દટાયેલી નદી હજુ પણ એક સક્રિય એક્વિફર (ભૂગર્ભ જળ સ્ત્રોત) છે અને તેમાં પાણી ભેરલું છે. તેની પાણી સંગ્રહ કરવાની ક્ષમતા આશેર 3,500થી 4,000 મિલિયન ક્યુબિક મીટર હોવાનો અંદાજ છે.

- રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ **ભીવંડી** ખાતે રાજ્યના પ્રથમ સેમિકન્ડક્ટર ક્લસ્ટરનું ઉદ્ઘાટન કર્યું છે. આ સાથે રાજસ્થાન હાઇ-ટેક ચિપ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં પ્રવેશનારું નવું રાજ્ય બન્યું છે.

## 18 મે

- 18 Mayના 'વિશ્વ મ્યુઝિયમ દિવસ' ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણીની શરૂઆત વર્ષ 1977માં ICOM (International Council of Museums) એટલે કે આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમ પરિષદ દ્વારા કરવામાં આવી હતી. થીમ: Museums Uniting a Divided World'.

- વરિષ્ઠ રાજદ્વારી **પ્રશાંત પિસની** ઓમાન ખાતે ભારતના આગામી રાજદૂત તરીકે નિયુક્તિ કરવામાં આવી.

- **'એવરેસ્ટ મેન'** તરીકે જાણીતા નેપાળના 56 વર્ષીય શેરપા ગાઇડ **કામી રીતા શેરપાએ** 32મી વખત માઉન્ટ એવરેસ્ટ સર કરીને પોતાનો જ વિશ્વ રેકોર્ડ તોડ્યો છે. તેઓ 14 પીક્સ એક્સપિડિશ'ના નેતૃત્વ હેઠળ સાઉથ-ઇસ્ટ માર્ગેથી શિખર પર પહોંચ્યાં હતાં. કામી રીતા શેરપાનો જન્મ નેપાળના સોલુખુમ્બુમાં થયો હતો. તેમણે માત્ર 24 વર્ષની ઉંમરે વર્ષ 1994માં પહેલી વાર એવેરસ્ટ સર કર્યો હતો. માઉન્ટ એવરેસ્ટ પર સૌ પ્રથમ 1953માં **એડમંડ હિલેરી અને તેનઝિંગ નોર્ગેએ** સફળ ચઢાણ કર્યું હતું.

- દેશમાં પ્રથમ વખત સેટેલાઇટ ટ્રાન્સમિટર (સેટેલાઇટ ટેગ) લગાવેલા **ગંગા સોફ્ટશેલ** કાચબાને આસામના પ્રખ્યાત કાઝીરંગા નેશનલ પાર્કમાં મુક્ત કરવામાં આવ્યો. તેને **ઇન્ડિયન સોફ્ટશેલ ટર્ટલ** અથવા **નિલ્સોનિયા ગેંગેટિકા** પણ કહેવાય છે. એ દક્ષિણ એશિયામાં ગંગા, સિંધુ અને મહાનદી જેવી નદીઓમાં જોવા મળતી મીઠા પાણીના કાચબાની એક મહત્વપૂર્ણ પ્રજાતિ છે. આ કાચબાની પીઠ (કેરેપેસ) પર સખત કવચને બદલે એક માંસલ અને ચામડી જેવું આવરણ હોય છે. તે મુખ્યત્વે માંસાહારી છે અને નાની માછલીઓ, જળચર જીવો તેમજ મૃત પ્રાણીઓનો ખોરાક તરીકે ઉપયોગ કરીને નદીઓને સ્વચ્છ રાખવામાં મદદ કરે છે. આ સેટેલાઇટ ટેગિંગનો મુખ્ય હેતુ ગંગા અને બ્રહ્મપુત્રા નદી પ્રણાલીમાં રહેતા કાચબાઓના સ્થળાંતરની પેટર્ન, તેમના રહેઠાણની પસંદગી અને નદીની ઇકોસિસ્ટમમાં તેમની હિલચાલનો સચોટ વૈજ્ઞાનિક ડેટા એકત્રિત કરવાનો છે. ગંગા સોફ્ટશેલ કાચબો એ મીઠા પાણીનો કાચબાની પ્રજાતિ છે અને તે નદીઓની સફાઇ અને જૈવિક સંતુલન જાળવવામાં મહત્વનો ભાગ માનવામાં આવે છે.

- ભાજપના ધારાસભ્ય **રથિન્દ્ર બોઝ** પશ્ચિમ બંગાળની 18મી વિધાનસભાના સ્પીકર તરીકે બિનહરીફ ચૂંટાયા. વિરોધ પક્ષ તૃણમૂલ કોંગ્રેસે આ પદ માટે કોઈ ઉમેદવાર ન ઉતારવાનો નિર્ણય લેતાં તેમની પસંદગી ધ્વનિમત દ્વારા કરવામાં આવી હતી.

- **CBI ચીફ પ્રવીણ સુદના** કાર્યકાળમાં એક વર્ષનો વધારો કરવામાં આવ્યો.

- સાઉદી અરેબિયા આ વર્ષે ઓક્ટોબર 2026માં તેની પ્રથમ ફ્રેન્ચાઇઝી ક્રિકેટ લીગ શરૂ કરવા જઈ રહ્યું છે, જેનું નામ **ડ્યુન્સ લીગ T20 (Dunes League T20)** રાખવામાં આવ્યું છે. આ ઐતિહાસિક લીગમાં કુલ 6 ટીમ ભાગ લેશે અને મેચો જેદ્દાહ પાસે આવેલા તાઇફ શહેરમાં રમાશે. આ લીગને સાઉદી એરબિયા ક્રિકેટ ફેડેરશન (SACF) તરફથી સત્તાવાર મંજૂરી મળી ગઈ છે. ભારતના પૂર્વ દિગ્ગજ ઓલરાઉન્ડર યુવરાજ સિંહને આ લીગના સત્તાવાર એમ્બેસેડર બનાવવામાં આવ્યા છે. આ ટુર્નામેન્ટમાં ખાસ કરીને એવા ખેલાડીઓ ભાગ લેશે જેમણે તાજેતરમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી છે, પરંતુ વિશ્વની લીગમાં સક્રિય છે.

## 19 મે

- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની સ્વીડનની સત્તાવાર મુલાકાત દરમિયાન, તેમને સ્વીડનનું સર્વોચ્ચ સન્માન **'રોયલ ઓર્ડર ઓફ ધ પોલર સ્ટાર' (કમાન્ડર ગ્રાન્ડ ક્રોસ)** એનાયત કરવામાં આવ્યું છે. કોઈપણ વિદેશી સરકારના વડાને આપી શકાય તેવું આ સ્વીડનનું સર્વોચ્ચ સન્માન છે. સ્વીડનના વડાપ્રધાન **ઉલ્ફ ક્રિસ્ટરસન** સાથેની દ્વિપક્ષીય બેઠક દરમિયાન પીએમ મોદીને આ એવોર્ડ એનાયત કરાયો હતો.

- કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે અમદાવાદમાં નવનિર્મિત 'મિલિયન માઇન્ડ્સ ટેક પાર્ક' અને 'ગ્રેમી સિટી કેમ્પસ'નું ઉદ્ઘાટન કર્યું. આ પ્રોજેક્ટ્સ ભારતના સર્વિસ સેક્ટર અને રિયલ એસ્ટેટ આયોજનને નવી દિશા આપશે. ભારત હાલમાં AI અને ડીપટેક જેવાં આધુનિક ક્ષેત્રોમાં વૈશ્વિક સ્તરે અગ્રેસર તરીકે ઉભરી રહ્યું છે. સરકાર રોબોટિક્સ, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ, સેમીકંડક્ટર્સ અને સ્પેસ ટેકનોલોજીને સતત પ્રોત્સાહન આપી રહી છે. **GREMI (ગણેશ રિયલ એસ્ટેટ મેનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ)** એ રિયલ એસ્ટેટ, પર્યાવરણ અને ટાઉન પ્લાનિંગ ક્ષેત્રે આધુનિક વિચારસરણી અને કાર્યક્ષમતા નેતૃત્વ પૂરું પાડશે.

- આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી શ્રી ચંદ્રબાબુ નાયુડુએ રાજ્યમાં ઘટતી વસ્તીને રોકવા માટે એક નવી અને અનોખી નીતિની જાહેરાત કરી છે. હવે સરકાર વધુ બાળકો પેદા કરવા માટે પરિવારોને સીધી આર્થિક સહાય આપશે. સરકારે અગાઉથી બીજા બાળકના જન્મ પર રૂપિયા 25000 આપવાની જાહેરાત કરેલી હતી. હવે ત્રીજા બાળકના જન્મ પર 30,000 અને ચોથા બાળકના જન્મ પર 40,000 રૂપિયાની સહાય આપવામાં આવશે. આંધ્રપ્રદેશમાં પ્રજનન દર સતત ઘટી રહ્યો છે જેને ધ્યાને રાખતાં આ નિર્ણય કરવામાં આવ્યો છે. વસ્તીને સ્થિર રાખવા માટે વૈશ્વિક સ્તરે **સ્ત્રી દીઠ 2.1નો પ્રજનન દર** જરૂરી માનવામાં આવે છે.

- UAEએ ભારતને 30 મિલિયન બેરલ ક્રૂડ ઓઇલ આપવા માટે સમજૂતી કરી. આ કરાર ઇન્ડિયન સ્ટ્રેટેજીક પેટ્રોલિયમ રિઝર્વ લિમિટેડ અને અબુ ધાબી નેશનલ ઓઇલ કંપની વચ્ચે કરવામાં આવ્યો છે. ભારતમાં કટોકટીના સમયે ક્રૂડ ઓઇલનો વિશાખાપટ્ટનમ, મેંગલુરુ, પાડુર ખાતે સંગ્રહ કરવાની સુવિધા તૈયાર કરવામાં આવેલી છે.

- **ભારત અને નેધરલેન્ડના** જલશક્તિ મંત્રાલાયે ગુજરાતના મહત્વના **કલ્પસર પ્રોજેક્ટ** માટે સહયોગ માટે વાતચીત થઇ. આ પ્રોજેક્ટ ગુજરાતમાં ખંભાતના અખાતમાં એક વિશાળ મીઠા પાણીનો જળાશય અને ડેમ બનાવવાની યોજના સાથે સંકળાયેલો છે. નેધરલેન્ડ્સ આ પ્રોજેક્ટ માટે પોતાની ટેકનિકલ કુશળતા અને વોટર મૅનેજમૅન્ટનો અનુભવ પૂરો પાડશે. આ સહયોગ નેધરલેન્ડ્સના પ્રખ્યાત **'અફસ્લુઈટડાઈક ડેમ'**ના એન્જિનિયરિંગ અનુભવ પર આધારિત છે. જે **32 કિમી** લાંબો ડેમ છે અને તેણે ખારા સમુદ્રને મીઠા પાણીના જળાશયમાં ફેરવી નાખ્યો હતો. આ પ્રોજેક્ટ ખંભાતના અખાતમાં મળતી 7 નદીઓનું મીઠું પાણી એકત્રિત કરશે. આ પ્રોજેક્ટથી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતનું 240 કિમીનું અંતર ઘટીને 60 કિમી થશે.

- કોંગો ગણરાજ્યના ઈટુરી પ્રાંતમાં **ઇબોલા** વાયરસના કારણે 80 લોકોનાં મૃત્યુ થયાં. પરિસ્થિતિને ધ્યાને રાખતાં WHOએ ગ્લોબલ હેલ્થ ઇમર્જન્સી જાહેર કરી છે. ઇબોલાનો **બુંડીબુગ્યો સ્ટ્રેન** જોવા મળ્યો છે. જ્યારે વર્તમાનમાં પ્રાપ્ત રસી જૂના **ઝાયર સ્ટ્રેન** માટે બનાવવામાં આવેલી છે.

## 20 મે

- 20 મે વિશ્વ મધમાખી દિવસ. આધુનિક મધમાખી ઉછેરના પ્રણેતા **એન્ટોન જાનસાના** જન્મદિવસે આ દિવસ ઉજવાય છે. યુનાઈટેડ નેશન્સ (UN) દ્વારા 2018 માં પહેલીવાર આ દિવસ ઉજવવામાં આવ્યો હતો. થીમ **'Bee Together for People and the Planet - A partnership that sustains us all'.**

- 20 મે વિશ્વ મેટ્રોલોજી દિવસ. આ દિવસ માપન વિજ્ઞાન અને આપણા રોજિંદા જીવનમાં તેની ઉપયોગિતા વિશે જાગૃતિ લાવવા માટે ઉજવાય છે. વર્ષ 1875માં આ દિવસે ફ્રાન્સના પેરિસ ખાતે મીટર કન્વેન્શન પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ સંધિ સમગ્ર વિશ્વના મપાનની સમાન પ્રણાલીને અપનાવવા માટે કરવામાં આવી હતી. થીમ **'Metrology: Building trust in policy making'.**

- વડાપ્રધાન નેરન્દ્ર મોદીને ઓસ્લો ખાતે નોર્વેના સર્વોચ્ચ નાગરિક સન્માન **'ગ્રાન્ડ ક્રોસ ઓફ ધ રોયલ નોર્વેજીયન ઓર્ડર ઓફ મેરિટ'થી** સન્માનિત કરવામાં આવ્યા છે. આ એવોર્ડ રોયલ નોર્વેજીયન ઓર્ડર ઓફ મેરિટમાં સર્વોચ્ચ શ્રેણીનો છે. આ એવોર્ડની સ્થાપના વર્ષ 1985માં નોર્વેના રાજા ઓલાવ V દ્વારા કરવામાં આવી હતી. આ સન્માન વિદેશી નાગરિકો અને નોર્વેના નાગરિકોને નોર્વેના હિતમાં ઉત્કૃષ્ટ સેવાઓ આપવા અને આંતરરાષ્ટ્રીય સંબંધોને મજબૂત કરવા માટે આપવામાં આવે છે. 'ગ્રાન્ડ ક્રોસ' એ આ ઓર્ડરની સૌથી ટોચની શ્રેણી છે, જે કમાન્ડર અને નાઈટ જેવાં પદોથી ઉપર આવે છે.

- નવી દિલ્હીમાં પબ્લિક રેલવે મંત્રાલય ખાતે ભારતની પ્રથમ મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ (MAHSR) પ્રોજેક્ટ માટેની બુલેટ ટ્રેનની ડિઝાઇન જાહેર કરવામાં આવી. આ પ્રોજેક્ટ **508 કિલોમીટર** લાંબો છે, જે **મહારાષ્ટ્ર, ગુજરાત અને દાદરા અને નગર હવેલીને** જોડે છે. આ રૂટ પર કુલ 12 સ્ટેશનો આવેલાં છે: મુંબઈ (BKC), થાણે, વિરાર, બોઇસર, વાપી, બિલીમોરા, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, અમદાવાદ અને સાબરમતી. આ પ્રોજેક્ટમાં જાપાનની પ્રખ્યાત **'શિન્કાન્સેન' ટેકનોલોજીનો** ઉપયોગ કરવામાં આવ્યો છે.

- કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે અમદાવાદમાં નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઇન (NID) ખાતે 'ઇનોવેશન એન્ડ ઇન્ક્યુબેશન સેન્ટર' (IIC)નું ઉદ્ઘાટન કર્યું. NID હવે ડિઝાઇન સાથે સેમિકન્ડક્ટર ચિપ્સ ક્ષેત્રે પણ આગળ વધશે.

- સ્કવાડ્રન લીડર **સાન્યા** 'કેટેગરી-એ' ક્વોલિફાઇડ ફ્લાઇંગ ઇન્સ્ટ્રક્ટર (CAT-A QFI)ની લાયકાત મેળવનાર ભારતીય વાયુસેના (IAF)નાં પ્રથમ મહિલા અધિકારી બન્યાં છે. આ પદ વાયુસેનામાં સર્વોચ્ચ ઇન્સ્ટ્રક્ટર કેટેગરીઝમાંનું એક છે. QFI એવા અધિકારી હોય છે જે અન્ય પાયલોટોને સબળ તાલીમ આપે છે. 'કેટ-એ' કક્ષાના ઇન્સ્ટ્રક્ટર એડવાન્સ પાયલોટ ટ્રેનિંગ આપે છે, જુનિયર ઇન્સ્ટ્રક્ટર્સનું મૂલ્યાંકન કેર છે અને ફ્લાઇંગ યુનિટ્સમાં સુરક્ષા પ્રક્રિયાઓની દેખરેખ રાખે છે.

- કેન્દ્રીય માહિતી આયોગે ચુકાદો આપ્યો છે કે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ રાઈટ ટુ ઇન્ફોર્મેશન (RTI) એક્ટ, 2005 હેઠળ પબ્લિક ઓથોરિટી (જાહેર સત્તામંડળ) નથી. આ આદેશ માહિતી કમિશનર પી. આર. રમેશ દ્વારા આપવામાં આવ્યો છે. BCCI એ 'તમિલનાડુ સોસાયટીઝ રજીસ્ટ્રેશન એક્ટ હેઠળ નોંધાયેલી એક ખાનગી સ્વાયત્ત સંસ્થા છે.

## 21 મે

- 21 મે રાષ્ટ્રીય આતંકવાદ વિરોધી દિવસ. વર્ષ 1991માં આ દિવસે તમિલનાડુમાં ભારતના પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની લીબ્રેશન ટાઇગર ઓફ તમિલ ઈલમ દ્વારા માનવ બોમ્બ દ્વારા હત્યા કરવામાં આવી હતી.

- 21 મે આંતરરાષ્ટ્રીય ચા દિવસ. **થીમ: Sustaining tea supporting communities.**

- **રશિયા** તરફથી ભારતને ચોથી **S 400 એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમ** પ્રાપ્ત થશે. ભારતે વર્ષ 2018માં રશિયા સાથે પાંચ આ પ્રકારની સિસ્ટમ ખરીદવા માટે 5.43 બિલિયન ડોલરનો કરાર કર્યો હતો. આ ચોથી સિસ્ટમ પશ્ચિમ સરહદ પરની સૌથી લાંબી રેન્જ રાજસ્થાનમાં તૈનાત કરવામાં આવશે.

- ઈસરોએ ભારતના પ્રથમ શુક્ર મિશન **'શુક્યાન'** માટે **સ્વીડન** સાથે સમજૂતી કરી. આ મિશન શુક્રના વાતાવરણ પર સૂર્યનાં કિરણોની અસરોનો અભ્યાસ કરશે. આ મિશન 112 દિવસની મુસાફરી કરીને જુલાઈ 2018 સુધીમાં શુક્ર ગ્રહ પહોંચશે. **શુક્રને** તેના કદના કારણે **પૃથ્વીના જોડિયા ભાઈ** તરીકે ઓળખવામાં આવે છે. તેની સપાટીનું તાપમાન 460 ડિગ્રી સેલ્સિયસથી પણ વધુ જોવા મળે છે.

- કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે છત્તીસગઢના રાયપુરમાં ડાયલ 112 ઇમરજન્સી રિસ્પોન્સ વાહનો અને આધુનિક મોબાઈલવાન સેવાનો પ્રારંભ કરાવ્યો. આ વાહનોમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત સિસ્ટમ મૂકવામાં આવેલી છે જેના દ્વારા મુશ્કેલીમાં મુકાયેલ લોકોનું ચોક્કસ લોકેશન ટ્રેક કરીને અકસ્માત કે કટોકટીના સમયે ટીમ દ્વારા ઝડપી પહોંચી શકાય તે પ્રકારે કામગીરી કરી શકાશે.

- તુષાર કુમાર યુકેના સૌથી નાની વયના (23 વર્ષ ) ભારતીય મૂળના મેયર બન્યા.

- ગાંધીનગરમાં ગુજરાતના રાજ્ય પોલીસ વડા ડો. કે. એલ. એન. રાવની અધ્યક્ષતામાં રાજ્યમાં હેરાફેરી અને સાયબર ક્રાઇમને રોકવા બ્રિટિશ હાઇ કમિશનના પ્રતિનિધિ મંડળ સાથે બેઠકનું આયોજન કરાયું. બંને દેશોએ આ ગુનાને અટકાવવા માટે નવી ટેકનોલોજી અને માહિતીની આપ લે કરવા પર ભાર મૂક્યો.

- બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ દ્વારા ગેઝેટ નોટિફિકેશન દ્વારા E 30 સુધીના ઇથેનોલ મિશ્રણ માટે નવા પેટ્રોલ નિયમોને જાહેર કરવામાં આવ્યા. પેટ્રોલમાં ઇથેનોલ બ્લેન્ડીંગ વાહનોમાં ઉપયોગ માટે એનહાઇડ્રસ

ઇથેનોલને પેટ્રોલ સાથે મિશ્ર કરવાની પ્રક્રિયા છે. તેનો હેતુ તાત્કાલિક દેશભરમાં E 30 પેટ્રોલનું વેચાણ શરૂ કરવાનો નથી, પરંતુ ભવિષ્યના ફ્લેક્સ ફ્યુઅલ વાહનો માટે એક ટેકનિકલ માળખું તૈયાર કરવાનો છે.

## 22 મે

- 22 મે આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ. 1992માં આ દિવસે પર્યાવરણ સંમેલન અંતર્ગત જૈવ વિવિધતા સંધિનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

- ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા ગ્રામીણ નાગરિકોની સુવિધા માટે મહત્વપૂર્ણ યોજના **અટલવાડી યોજનાને** મંજૂરી આપવામાં આવી. આ યોજના અંતર્ગત ગામડાંમાં સામાજિક, ધાર્મિક અને જાહેર પ્રસંગો એક જ જગ્યાએ થઈ શકે તે માટે 500 લોકોની બેઠક ક્ષમતા ધરાવતું સામુહિક સ્થળ બનાવવામાં આવશે. દરેક અટલ વાડીમાં આર્કશેડ ધરાવતો મોટો ઓપન હોલ, રસોડું, મહિલા તથા પુરુષો માટે અલગ શૌચાલય અને પીવાના શુદ્ધ પાણીની પ્રાથમિક સુવિધા આપવામાં આવશે. પ્રાથમિક તબક્કે રાજ્યનાં 2000થી વધુ વસ્તી ધરાવતાં ગામોને આ યોજનાનો સીધો લાભ મળશે. આ ઉપરાંત કુદરતી આપત્તિ જેવી કે વાવાઝોડું કે અતિવૃષ્ટિના સમયે પાકા ભૌતિક માળખાનો અભાવ ધરાવનાર ગ્રામજનોને સુરક્ષિત રાખવા માટે આ સ્થળનો શેલ્ટર હોમ તરીકે પણ ઉપયોગ કરી શકાશે. રાજ્ય સરકારે આ યોજના માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં રૂપિયા 60 કરોડની મહત્વની જોગવાઈ કરી છે.

- તાઈવાનની પ્રખ્યાત લેખિકા **યાંગ શુઆગ-ઝી (Váng Shuang-zi)** દ્વારા લિખિત નવલકથા **'તાઈવાન ટ્રાવેલોગ' (Taiwan Travelogue)** એ, લંડનના ટેટ મોર્ડન ખાતે યોજાયેલા સમારોહમાં પ્રતિષ્ઠિત ઇન્ટરનેશનલ બુકર પ્રાઈઝ 2026 જીત્યું છે. આ પુસ્તક મૂળ **મેન્ડરિન ચાઇનીઝ** ભાષામાં લખાયેલું છે, જેનું અંગ્રેજીમાં ભાષાંતર **લિન કિંગ** દ્વારા કરવામાં આવ્યું છે. મેન્ડરિન ચાઇનીઝ ભાષામાંથી અંગ્રેજીમાં અનુવાદિત થઈને ઈન્ટરનેશનલ બુકર પ્રાઈઝ જીતનારી આ પ્રથમ નવલકથા છે. યાંગ શુઆગ-ઝીનું અંગ્રેજીમાં અનુવાદિત થયેલું આ સૌપ્રથમ પુસ્તક છે. આ પુસ્તકમાં મુસાફરી અને ખોરાક આધારિત બાબતોનો સમાવેશ કરી અલગ અલગ ખાદ્ય સામગ્રી પર ચર્ચાઓ કરવામાં આવેલી છે. વર્ષ 2025માં **હાર્ટ લેમ્પ** પુસ્તકને ઇન્ટરનેશનલ બુકર પ્રાઇસ આપવામાં આવ્યો હતો.

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ઈટાલીના રોમ સ્થિત ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝશન (FAO)ના મુખ્યાલય ખાતે પ્રતિષ્ઠિત **'એગ્રિકોલા મેડલ'થી** સન્માનિત કરવામાં આવ્યા છે. FAO ના ડાયેરક્ટર-જનરલ **કયુ ડોંગ્યુ** દ્વારા FAO પ્લેનરી હોલમાં પીએમ મોદીને આ મેડલ અર્પણ કરવામાં આવ્યો હતો. છેલ્લા 30 વર્ષમાં કોઈ ભારતીય વડાપ્રધાનની FAO મુખ્યાલયની આ પ્રથમ મુલાકાત હતી. આ મેડલ યુનાઈટેડ નેશન્સની સંસ્થા FAOના સર્વોચ્ચ સન્માનોમાંનો એક છે. તે વૈશ્વિક નેતાઓને કૃષિ ક્ષેત્રે પરિવર્તન, ખાદ્ય સુરક્ષા, ટકાઉ કૃષિ અને ગ્રામીણ વિકાસ માટે કરવામાં આવેલા અસાધારણ કાર્યો માટે આપવામાં આવે છે.

## 23 મે

- ભારત ફોર્જ કંપનીએ આંધ્રપ્રદેશના **વિશાખાપટ્ટનમમાં** ભારતની સર્વપ્રથમ ખાનગી ક્ષેત્રની મરીન ગેસ ટર્બાઇન (MGT) રિપેર અને ઓવરહોલ ફેસિલીટી સ્થાપવા માટે રાજ્ય સરકાર સાથે સમજૂતી કરાર (MOU) પર હસ્તાક્ષર કર્યા છે. આ પ્રોજેક્ટ સંરક્ષણ ક્ષેત્રે 'આત્મનિર્ભર ભારત' વિઝનને વધુ મજબૂત

બનાવશે અને વિદેશી ટેકનિકલ સહાય પર ભારતની નિર્ભરતા ઘટાડશે. આ કરાર પુટ્ટપર્થીમાં આયોજિત 'એરોસ્પેસ એન્ડ ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ કોન્કલેવ' દરમિયાન કરવામાં આવ્યા હતા. વિશાખાપટ્ટનમ ભારતીય નૌકાદળના પૂર્વીય નેવલ કમાન્ડ અને નેવલ ડોકયાર્ડનું મુખ્ય મથક હોવાથી સંરક્ષણ દ્રષ્ટિએ આ પ્રોજેક્ટ માટે સૌથી આદર્શ સ્થળ માનવામાં આવે છે. તેનાથી નૌકાદળના જહાજોનું ઝડપી સર્વિસિંગ શક્ય બનશે.

- ભારત નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે 68મી એશિયન પ્રોડક્ટિવિટી ઓર્ગેનાઈઝેશન ગવર્નિંગ બોડી મીટિંગની યજમાની કરી રહ્યું છે. ભારત હાલમાં આ સંસ્થાનું અધ્યક્ષ છે. એશિયા-પેસિફિક ક્ષેત્રના 20 સભ્ય દેશોના 60થી વરિષ્ઠ પ્રતિનિધિઓ આ બેઠકમાં ભાગ લઈ રહ્યા છે. આ બેઠકનો મુખ્ય હેતુ ઉત્પાદકતા વધારવી, APO વિઝન 2030ની સમીક્ષા કરવી અને આગામી વર્ષોના બજેટનું આયોજન કરવું વગેરે છે.

- **વૈભવ સૂર્યવંશી** લખનઉ સુપર જાયંટ્સ સામે 38 બનાવીને IPL સીઝનમાં 500 રન બનાવનાર સૌથી નાની ઉંમરનો ખેલાડી બન્યો.

- બંગાળમાં ભાજપ સરકારે **'અન્નપૂર્ણા નાણાકીય સહાય યોજના'** શરૂ કરી છે. તે 1 જૂનથી અમલમાં આવશે અને TMC સરકારની 'લક્ષ્મી ભંડાર' યોજનાનું સ્થાન લેશે. આના હેઠળ, 25થી 60 વર્ષની વયની પાત્ર મહિલાઓને દર મહિને ₹ 3,000 મળશે. 'લક્ષ્મી ભંડાર' યોજનાનો લાભ પહેલેથી જ મેળવી રહેલી મહિલાઓને ફરીથી અરજી કરવાની રહેશે નહીં.

- **ભાવનગરમાં** ગુજરાત રાજ્યનું સૌપ્રથમ ગ્રેઈન ATM અનાજ વિતરણ માટે શરૂ કરાયું હતું. કામદાર વર્ગ સસ્તા અનાજની દુકાન ખુલ્લી હોય તે સમયે કામમાં વ્યસ્ત હોવાથી સમયસર અનાજ મેળવી શકતા ન હતા. આ સમસ્યાને ધ્યાને રાખીને શરુ કરેલ ATMથી 28000 લોકોને 5.66 લાખ કિલો અનાજ વહેંચણી કરવામાં આવી. આ ATM ભારત સરકારની અન્નપૂર્તિ યોજના હેઠળ શરુ કરવામાં આવ્યું હતું.

- વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદ (EAC-PM)ના વર્કિંગ પેપર અહેવાલ મુજબ, દેશભરમાં ખાલી અથવા ઓછા ઉપયોગમાં લેવાતી સરકારી શાળાઓના કેમ્પસને ડે-કેર સેન્ટર, આંગણવાડી-કમ-ક્રેચ અને સંભાળ કેન્દ્રમાં રૂપાંતરિત કરી શકાય છે, જ્યાં બાળકો અને વૃદ્ધો બંનેની સંભાળ એક જ સ્થાન પર થઈ શકે. UDISE+ મુજબ, ભારતમાં આશરે 14.7 લાખમાંથી આશરે 10 લાખ સરકારી શાળા છે, જેમાં આશરે 8,000 શાળામાં કોઈ વિદ્યાર્થી નોંધાયેલા નથી, જ્યારે ઘણાં ક્ષેત્રોમાં નોંધણી સતત ઘટી રહી છે.

## 24 મે

- 24 મે કોમનવેલ્થ દિવસ. કોમનવેલ્થ દેશોના સંગઠન દ્વારા ઉજવવામાં આવતા આ દિવસનો મુખ્ય હેતુ સભ્ય દેશો વચ્ચે એકતા, શાંતિ અને સહકારની ભાવનાને પ્રોત્સાહન આપવાનો છે. આ સંગઠનમાં વિશ્વના **56 દેશો** સામેલ છે, જેમાં ભારત પણ એક મહત્વનો ભાગ છે.

- 24 મે વિશ્વ થાઇરોઇડ દિવસ. થાઇરોઇડ એ ગળાના ભાગમાં આવેલી પતંગિયા આકારની એક નાની ગ્રંથિ છે, જે આપણા શરીરના **મેટાબોલિઝમ (ચયાપચય), ઊર્જા અને હોર્મોન્સનું નિયંત્રણ** કરે છે. આ દિવસની શરૂઆત વર્ષ 2008માં કરવામાં આવી હતી. થીમ : **Awareness through Education.**

- આઇલેન્ડનો ફ્લેગ ધરાવતું અને 20,000 ટન એલપીજી ભરેલું **ટેન્કર સિમી** કંડલા બંદરે પહોંચ્યું.

- **કર્ણાટક** દારૂ પર નવી આલ્કોહોલ-ઇન-બેવરેજ ટેક્સ સિસ્ટમ લાગુ કરનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું. દારૂના ભાવ હવે બ્રાન્ડને બદલે આલ્કોહોલની સામગ્રી દ્વારા નક્કી કરવામાં આવશે. આ માટે અલગ અલગ સ્લેબ છે. આનો હેતુ દારૂ ઉદ્યોગને ઉદાર બનાવવા અને કિંમતોને વધુ વાજબી બનાવવાનો છે.

➢ **વડાપ્રધાનની કેટલાક દેશોમાં મુલાકાત અને ભેટ:**
  - ✓ **ઇટાલી (જ્યોર્જિયા મેલોની):** આસામની પ્રખ્યાત મુગા સિલ્ક સ્ટોલ (સોનેરી રેશમી શાલ), શિરુઈ લિલી સિલ્ક સ્ટોલ અને મેલોડી ટોફી.
  - ✓ **UAE (રાષ્ટ્રપતિ અને ક્રાઉન પ્રિન્સ):** રાષ્ટ્રપતિ મોહમ્મદ બિન ઝાયદને ગુજરાતની GI ટેગવાળી કેસર કેરી અને ક્રાઉન પ્રિન્સને રાજસ્થાની કલાવાળી ઔપચારિક કટાર.
  - ✓ **નોર્વે (શાહી પરિવાર અને વડાપ્રધાન):** વડાપ્રધાન જોનાસ ગહર સ્ટૌરને સિક્કિમના ઓર્કિડમાંથી બનેલી પેઇન્ટિંગ અને પેપરવેટ, તેમજ યુવરાજ હાકોનને કલમકારી પેઇન્ટિંગ.
  - ✓ **આઇસલેન્ડ (વડાપ્રધાન):** માઉન્ટ એવરેસ્ટ સર કરનાર તેનઝિંગ નોર્ગેની બરફની કુહાડીની પ્રતિકૃતિ.
  - ✓ **ડેનમાર્ક (વડાપ્રધાન):** બિદરી ચાંદીનો ગુલદસ્તો.
  - ✓ **ફિનલેન્ડ (વડાપ્રધાન):** રાજસ્થાનની કમલ તલાઇ પિછવાઇ પેઇન્ટિંગ.
  - ✓ **નેધરલેન્ડ (શાહી પરિવાર અને વડાપ્રધાન):** રાજા વિલેમ-એલેક્ઝાંડરને જયપુરના પ્રતિષ્ઠિત GI ટેગવાળાં વાદળી માટીકામ, રાણી મેક્સિમાને જટિલ મીનાકારી-કદન કાનની બુટ્ટીઓ ભેટમાં મળી.

## 25 મે

- 25 મે વિશ્વ ફૂટબોલ દિવસ. વર્ષ 2026માં આ દિવસ નિમિત્તે "#BeActive" અભિયાન પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

- ભારતના ડિપાર્ટમેન્ટ ઓફ સ્પેસ (DoS) દ્વારા ગુજરાત અને તમિલનાડુમાં કોમન ટેકનિકલ ફેસિલિટીઝ (CTF) સ્થાપવા માટે મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટ IN-SPACEના સહયોગથી ખાનગી સ્પેસ કંપનીઓ અને સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવા શરૂ કરાયો છે. આ એક એવું એન્જિનિયરિંગ હબ છે જ્યાં સ્પેસ હાર્ડવેર, રોકેટ અને સેટેલાઇટનું ટેસ્ટિંગ અને વેરિફિકેશન કરવામાં આવશે. આનાથી નવી કંપનીઓને મોંઘાં સાધનો સરળતાથી મળી રહેશે. આ સેન્ટર ગુજરાતમાં અમદાવાદ નજીક **ખોરજ** ખાતે બનશે. જયારે **તમિલનાડુમાં કુલશેખરપટ્ટનમ** ખાતે આ સેન્ટર બનશે.

- સુપ્રીમ કોર્ટ દ્વારા દેશનાં તમામ પોલીસ સ્ટેશનોને એક મહત્વપૂર્ણ નિર્દેશ આપવામાં આવ્યો છે. જસ્ટિસ અહેસાનુદ્દીન અમાનુલ્લાહ અને જસ્ટિસ આર. મહાદેવનની બૅન્ચે આદેશ આપ્યો છે કે ગુમ થયેલા બાળકની કે કોઇપણ ફરિયાદ મળતા જ પોલીસે ફરજિયાતપણે FIR નોંધવી પડશે.

- ભારતીય સેનાના અધિકારી **મૅજર અભિલાષા બરાકને** વર્ષ 2025 માટે પ્રતિષ્ઠિત 'યુનાઇટેડ નેશન્સ મિલિટરી જેન્ડર એડવોકેટ ઓફ ધ યર' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. તેઓ હાલમાં લેબનોનમાં યુએન પીસકીપીંગ મિશન (UNIFIL)માં સેવા આપી રહ્યાં છે. મેજર અભિલાષાએ લેબનોનમાં મહિલાઓ

અને કિશોરીઓ માટે સામુદાયિક જોડાણ પ્રવૃત્તિઓનું નેતૃત્વ કર્યું અને શાંતિ રક્ષકોને લિંગ સંવેદનશીલતાની તાલીમ આપી.

- કેન્દ્રીય મંત્રી ડૉ. વિરેન્દ્ર કુમાર દ્વારા વરિષ્ઠ નાગરિકોના કલ્યાણ માટે બે નવાં ડિજિટલ પ્લેટફોર્મ લોન્ચ કરવામાં આવ્યાં છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય દેશમાં વૃદ્ધોની સુરક્ષા, આરોગ્ય અને સામાજિક સુવિધામાં સુધારો કરવાનો છે.

  1. **JEEVAN:** Joint Elderly Empowerment & Virtual Assistance Network મોબાઈલ એપ. આ એપ દ્વારા વરિષ્ઠ નાગરિકોને સરકારી કલ્યાણ યોજનાઓની માહિતી, સરકારી વૃદ્ધાશ્રમોની વિગતો, કટોકટીના સમયે ઈમરજન્સી સહાય અને આરોગ્ય સંબંધિત સેવાઓ એક જ જગ્યાએ મળી રહેશે.

  2. **SATAYU:** Senior Holistic Care Assistance and Training For Your Utility. આ પ્લેટફોર્મ દેશમાં વૃદ્ધોની સંભાળ રાખતી પ્રણાલીને મજબૂત કરવા માટે બનાવવામાં આવ્યું છે. આના દ્વારા વરિષ્ઠ નાગરિકો અને તેમના પરિવારો વિવિધ જિલ્લા અને રાજ્યોમાં ઉપલબ્ધ તાલીમબદ્ધ કેર ગિવર્સની માહિતી સરળતાથી મેળવી શકશે.

- દિલ્હી હાઈકોર્ટે ઓલિમ્પિયન રેસલર **વિનેશ ફોગાટને** એશિયન ગેમ્સ 2026ની પસંદગી ટ્રાયલ્સમાં ભાગ લેવાની મંજૂરી આપી. રેસલિંગ ફેડેરશન ઓફ ઈન્ડિયા ના 2026ના નવા નિયમ મુજબ માત્ર ગત સીઝનના નેશનલ ચેમ્પિયન્સ જ ટ્રાયલ્સ આપી શકતા હતા. વિનેશ ફોગાટ ડિસેમ્બર 2024થી માતૃત્વ રજા પર હોવાથી અયોગ્ય જાહેર થયાં હતાં. ચીફ જસ્ટિસ ડી. કે. ઉપાધ્યાય અને જસ્ટિસ તુષાર રાવ ગેંડેલાની બેંચે ટ્રાયલ્સનું સંપૂર્ણ વીડિયો રેકોર્ડિંગ કરવાનો આદેશ આપ્યો છે.

- **7.1 GWની** નવી ક્ષમતા સાથે વર્ષ 2025માં ભારતની કુલ રૂફટોપ સોલાર ક્ષમતા **20.8 GW** પર પહોંચી.

- ભારતના **ચંદ્રયાન-3 મિશનને** વોશિંગ્ટન DC ખાતે પ્રતિષ્ઠિત 2026 AIAA ગોડાર્ડ એસ્ટ્રોનોટિક્સ એવોર્ડ આપવામાં આવ્યો. અમેરિકામાં ભારતના રાજદૂત વિનય કવાત્રાએ ISRO વતી આ એવોર્ડ સ્વીકાર્યો. ભારતે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળ સોફ્ટ-લેન્ડિંગ કર્યું છે. આવું કરનાર ભારત વિશ્વનો સૌપ્રથમ દેશ છે. ચંદ્રયાન-3 એ ચંદ્રની માટીમાં જરૂરી રાસાયણિક તત્ત્વો અને પાણીનો બરફ (Water Ice) હોવાની પુષ્ટિ કરી છે. આ એવોર્ડનું નામ આધુનિક રોકેટ વિજ્ઞાનના પિતા ગણાતા **રોબર્ટ એચ. ગોડાર્ડ (Robert H. Goddard)ના** નામ પરથી રાખવામાં આવ્યું છે. સ્પેસ સાયન્સના ક્ષેત્રમાં અસાધારણ કામ કરનારને જ આ સન્માન મળે છે.

## <u>26 મે</u>

- સ્પેસએક્સ કંપનીએ તેના સૌથી શક્તિશાળી મેગારોકેટ સ્ટારશિપના નવા સંસ્કરણ **'સ્ટારશિપ V3'**નું પ્રથમ સબઓર્બિટલ ટેસ્ટ લોન્ચિંગ કર્યું. આ સ્ટારશિપ શ્રેણીનું 12મું ટેસ્ટ મિશન હતું, જે **ટેક્સાસથી** છોડવામાં આવ્યું હતું. આ ઈતિહાસનું સૌથી મોટું અને શક્તિશાળી રોકેટ છે, જેની ઊંચાઈ 408 ફૂટ (124 મીટર) છે.

- ઝારખંડના રાંચીમાં આવેલા બિરસા મુંડા એથ્લેટિક્સ સ્ટેડિયમ ખાતે રમાયેલી ફેડેરશન કપની મેન્સ 100 m ફાઈનલમાં પંજાબના દોડવીર **ગુરિન્દરવીર સિંહે** માત્ર 10.09 સેકન્ડનો સમય લઈને નવો રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો છે. આ સાથે જ તેઓ ભારતના ઇતિહાસમાં સૌથી ઝડપી સ્પ્રિન્ટર બની ગયા છે.

- તાજેતરમાં આમ આદમી પાર્ટીમાંથી ભારતીય જનતા પાર્ટીમાં જોડાયેલા **રાજ્યસભાના સાંસદ રાઘવ ચઢાને રાજ્યસભાની 'અરજીઓ પરની સમિતિ'ના નવા અધ્યક્ષ તરીકે નિયુક્ત** કરવામાં આવ્યા. આ સમિતિ રાજ્યસભામાં એક સ્થાયી સમિતિ છે અને તે ગૃહ સમક્ષ રજુ કરવામાં આવતી જાહેર જનતાની અરજીઓ ફરિયાદ અને કાયદાકીય બાબતોની વિગતવાર તપાસ કરે છે અને તેના માટે જરૂરી ભલામણો પણ કરે છે.

- ચીનના સૌથી મોટા કોલસા ઉત્પાદક પ્રદેશ **શાનક્સી** (Shanxi) પ્રાંતમાં આવેલી લિયુશેન્યુ કોલ માઈન (Liushenyu Coal Mine)માં એક શક્તિશાળી ગેસ બ્લાસ્ટ થતાં 90 કામદારોનાં મોત થયાં અને 100થી વધુ લોકો ઘાયલ થયા. બ્લાસ્ટ થવાનું પ્રાથમિક કારણ ઉત્પન્ન થયેલ કાર્બન મોનોક્સાઈડનું પ્રમાણ સલામત ક્ષમતા કરતાં વધારે હોવાનું માનવામાં આવે છે.

- નીતિ આયોગની એજ્યુકેશન ટુ એમ્પ્લોયમેન્ટ એન્ડ એન્ટરપ્રાઇઝ સ્ટેન્ડિંગ કમિટીની બેઠકનું આયોજન કરવામાં આવ્યું. આ બેઠકની અધ્યક્ષતા નીતિ આયોગનાં સીઈઓ **નિધિ છીબ્બર** દ્વારા કરવામાં આવી હતી. આ બેઠકનું લક્ષ્યાંક વર્ષ 2047 સુધીમાં વૈશ્વિક સેવા બજારમાં ભારતનો હિસ્સો 10% સુધી પહોંચાડવાનું, દેશમાં વૃદ્ધિ અને વિકાસ વધારી નવી નોકરીઓનું સર્જન કરવાનું તેમજ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવી અધતન ટેકનોલોજીની રોજગાર પર થતી અસરોનું મૂલ્યાંકન કરવા માટેની ભલામણો તૈયાર કરવાનું છે.

- કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલએ દેશમાં મેન્યુફેક્ચરિંગ અને રોકાણને પ્રોત્સાહન આપવા માટે ભારત ઔદ્યોગિક વિકાસ યોજના (BHAVYA YOJNA)ની નવી માર્ગદર્શિકા લોન્ચ કરી. આ યોજના હેઠળ રાજ્ય સરકારો સાથે મળીને કેન્દ્ર સરકાર પ્લગ એન્ડ પ્લે ઔદ્યોગિક પાર્ક વિકસાવશે.

- ગુજરાત સરકારે **META** સાથે કરાર કર્યો છે. આનાથી 20થી વધુ રાજ્ય વિભાગોની સેવાઓ WhatsApp પર ઉપલબ્ધ થશે. **'સુગમ ડિજિટલ ગુજરાત'** પ્લેટફોર્મ લોકોને પોતાના ઘરેથી આરામથી ગુજરાતી અને અંગ્રેજીમાં આવક, જાતિ અને EWS પ્રમાણપત્રો માટે અરજી કરવાની સુવિધા આપશે.

## 27 મે

- બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઇન્ડેક્સ અનુસાર, **મેસ્સી** સત્તાવાર રીતે અબજોપતિ ક્લબમાં સામેલ થઇ ગયા છે. આ સિદ્ધિ મેળવનારા તેઓ **ક્રિસ્ટિયાનો રોનાલ્ડો** પછી વિશ્વના બીજા ફૂટબોલર બન્યા છે. લિયોનેલ મેસ્સીની કુલ સંપત્તિ $ 1 બિલિયનને પાર કરી ગઈ છે. તેમની આ કમાણી માત્ર ફૂટબોલ સેલેરી અને બોનસ જ નહીં, પરંતુ વૈશ્વિક બ્રાન્ડ્સ સાથેની એન્ડોર્સમેન્ટ ડીલ્સ (જાહેરાતો), વ્યૂહાત્મક રોકાણો અને બિઝનેસ સાહસોના મજબૂત સામ્રાજ્યને કારણે થઈ છે.

- તાજેતરમાં નોર્વેની રાજધાની ઓસ્લો ખાતે ત્રીજી ભારત-નોર્ડિક સમિટ સફળતાપૂર્વક સંપન્ન થઈ, જેમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને 5 નોર્ડિક દેશો ડેનમાર્ક, નોર્વે, ફિનલેન્ડ, આઇસલેન્ડ અને સ્વીડનના વડાપ્રધાનોએ ભાગ લીધો હતો. બંને પક્ષો વચ્ચેના સંબંધોને હવે 'Green Technology and

Innovation Strategic Partnership (હરિત ટેક્નોલોજી અને નવીનતા વ્યૂહાત્મક ભાગીદારી)નો દરજ્જો આપવામાં આવ્યો છે. ભારત-EFTA (TEPA) કરાર હેઠળ ભારતમાં આગામી 15 વર્ષમાં 100 અબજ ડોલરનું રોકાણ લાવવા અને 10 લાખ રોજગારી ઊભી કરવા સંમતિ સધાઈ છે. પીએમ મોદીએ આ દેશોને ગુજરાતના ગિફ્ટ સિટીમાં રોકાણ કરવા આમંત્રણ આપ્યું છે.

- વર્ષ 2026ના પ્રતિષ્ઠિત **'સંસદ રત્ન પુરસ્કાર' ની જાહેરાત** કરવામાં આવી, જે સંસદમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા સાંસદો અને સંસદીય સમિતિઓને આપવામાં આવે છે. આ વર્ષે કુલ 10 લોકસભા સાંસદો, 2 રાજ્યસભા સાંસદો અને 4 સંસદીય સ્થાયી સમિતિઓની આ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે. સંસદ રત્ન પુરસ્કારની શરૂઆત વર્ષ 2010માં ચેન્નાઈ સ્થિત NGO **'પ્રાઈમ પોઈન્ટ ફાઉન્ડેશન'** દ્વારા કરવામાં આવી હતી. આ એવોર્ડની મુખ્ય પ્રેરણા ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ દ્વારા આપવામાં આવી હતી અને તેમણે જ પ્રથમ પુરસ્કાર સમારોહની શરૂઆત કરાવી હતી.

➢ **પુરસ્કાર વિજેતા સાંસદો:**

1. જગદંબિકા પાલ (ઉત્તર પ્રદેશ)
2. પી. પી. ચૌધરી (રાજસ્થાન)
3. 3 નિશિકાંત દુબે (ઝારખંડ)
4. ડૉ. શ્રીકાંત એકનાથ શિંદે (મહારાષ્ટ્ર)
5. પ્રવીણ પટેલ (ઉત્તર પ્રદેશ)
6. વિધુત બરન મહાતો (ઝારખંડ)
7. લુંબારામ ચૌધરી (રાજસ્થાન)
8. ડૉ. હેમંત વિષ્ણુ સવરા (મહારાષ્ટ્ર)
9. સ્મિતા ઉદય વાઘ (મહારાષ્ટ્ર)
10. નરેશ ગણપત મ્હાસ્કે (મહારાષ્ટ્ર)
11. ડૉ. મેધા વિશ્રામ કુલકર્ણી (મહારાષ્ટ્ર)
12. નરહરિ અમીન (ગુજરાત)

➢ **પુરસ્કાર વિજેતા સંસદીય સમિતિઓ:**

1. કૃષિ સમિતિ: અધ્યક્ષ - ડૉ. ચરણજીત સિંહ ચન્ની
2. નાણા સમિતિ: અધ્યક્ષ - ભર્તૃહરિ મહતાબ
3. ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ સમિતિ: અધ્યક્ષ સપ્તગિરી શંકર ઉલાકા
4. કોલસા અને ખાણ સમિતિ: અધ્યક્ષ - અનુરાગ ઠાકર

- ચીને તેના મહત્વાકાંક્ષી સ્પેસ પ્રોગ્રામ હેઠળ વધુ એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. ચીને પોતાના સ્પેસ સ્ટેશન **'તિયાન્ગોંગ'** માટે **'શૅનઝોઉ 23' (Shenzhou 23) મિશન** સફળતાપૂર્વક લોન્ચ કર્યું છે. શેનઝોઉ 23 સ્પેસક્રાફ્ટને ઉત્તર-પશ્ચિમ ચીનમાં આવેલા **'જિયુક્વાન સેટેલાઇટ લૉન્ચ સેન્ટર'** પરથી લોન્ચ કરવામાં આવ્યું હતું. આ મિશનમાં કુલ **3** અવકાશયાત્રીઓ સામેલ છે, જેમાં મિશન કમાન્ડર ઝુ યાંગઝુ (Zhu Yangzhu), ક્રૂ મેમ્બર ઝાંગ જીયુઆન (Zhang Zhiyuan) અને લાઈ કા યિંગ (Lai Ka-ying) નો સમાવેશ થાય છે. મિશનની સૌથી મોટી ખાસિયત એ છે કે આમાં એક અવકાશયાત્રી **આખું 1 વર્ષ** તિયાન્ગોંગ સ્પેસ સ્ટેશન પર વિતાવશે. માનવ અવકાશ મિશનના ઇતિહાસમાં આ સૌથી લાંબા સમયગાળા પૈકીનો એક હશે, જેનો હેતુ લાંબા ગાળાના અવકાશ પ્રવાસ દરમિયાન માનવ શરીર અને માનસિકતા પર થતી અસરોનો અભ્યાસ કરવાનો છે. આ મિશનનો મુખ્ય ઉદ્દેશ્ય સ્પેસ સ્ટેશન પર રહીને

આ અવકાશયાત્રીઓ સ્પેસ બાયોલોજી, મેડિકલ સાયન્સ અને મટિરિયલ્સ રિસર્ચ સહિતના ક્ષેત્રોમાં ડઝનબંધ વૈજ્ઞાનિક પ્રયોગો કરશે. આ સંશોધનો ચીનનાં ભવિષ્યનાં ચંદ્ર અને મંગળ મિશનો માટે ખૂબ મહત્વના સાબિત થશે.

- ભારત સરકારના સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે મહારાષ્ટ્રના **શિરડી** ખાતે એક ખાનગી સંરક્ષણ ઉત્પાદન સંકુલનું ઉદ્ઘાટન કર્યું અને ભારતની પ્રથમ 300-કિમીની રેન્જ ધરાવતી યુનિવર્સલ રોકેટ લોન્ચિંગ સિસ્ટમ **'સૂર્યાસ્ત્ર'ને** લીલી ઝંડી આપીને રવાના કરી. તે ભારતની પ્રથમ સ્વદેશી 300 કિમીની લાંબા અંતરની યુનિવર્સલ રોકેટ લોન્ચિંગ સિસ્ટમ છે. આ આર્ટિલરી (તોપખાના) આધુનિકીકરણ કાર્યક્રમ હેઠળ વિકસાવવામાં આવી છે, જે ભારતીય સેનાને લાંબા અંતર સુધી સચોટ પ્રહાર કરવાની ક્ષમતા પ્રદાન કરશે.

- કેરળના તિરુવનંતપુરમના **ઉલ્લુર** ખાતે દેશના સૌપ્રથમ ખાનગી મૅડિકલ મ્યુઝિયમ 'મ્યુઝિયમ ઓફ મૅડિકલ આર્કાઈવ્ઝ'નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ મ્યુઝિયમની સ્થાપના સરકારી મેડિકલ કોલેજ, તિરુવનંતપુરમના પૂર્વ આર્ટિસ્ટ-મોડેલર એ. શિવરામન દ્વારા કરવામાં આવી છે. તેમણે પોતાના જીવનના દાયકાઓ દરમિયાન તબીબી શિક્ષણ માટે બનાવેલા શૈક્ષણિક મોડેલ્સ અને ચાર્ટ્સને અહીં પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

- **આસામ** રાજ્ય વિધાનસભામાં યુનિફોર્મ સિવિલ કોડ રજૂ કરવામાં આવ્યું. આ બિલ સંસદીય બાબતોના મંત્રી અતુલ બોરા દ્વારા રજૂ કરવામાં આવેલું છે.

## 28 મે

- 28 મે વિશ્વ ભૂખમરા દિવસ. વર્ષ 2011માં ધ હંગર પ્રોજેક્ટ દ્વારા આ દિવસની શરૂઆત કરવામાં આવેલી હતી. આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય વિશ્વભરમાં **ક્લોનિક હંગર** એટલે કે લાંબા સમયના ભૂખમરાનો સામનો કરી રહેલા લોકો પ્રત્યે જાગૃતિ લાવવાનો અને આ સમસ્યાનો કાયમી ઉકેલ શોધવાનો છે. ગ્લોબલ હંગર ઇન્ડેક્સમાં ભારત વર્તમાનમાં **102મા** સ્થાને છે. આ દિવસની વર્ષ 2026ની થીમ **Thend of Hunger is in our hands** છે.

- ભારતીય સેનાએ પોતાની સૈન્ય ક્ષમતાઓને ડિજિટલ યુગમાં વધુ મજબૂત કરવા માટે વર્ષ 2026માં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત બે નવાં ડિજિટલ પ્લેટફોર્મ **'કૌટિલ્ય' અને 'Q-FORCE'** વિકસાવ્યા છે. કૌટિલ્ય એ નેચરલ લેંગ્વેજ પ્રોસેસિંગ ટેકનોલોજી અને ડેશબોર્ડની મદદથી સૈન્ય કર્મચારીઓ, હથિયાર, તાલીમ અને ઓપરેશનલ તૈયારીઓનો ડેટા વિશ્લેષણ કરશે. જ્યારે Q FORCE એ લોજિસ્ટિક અને સપ્લાય ચેન્જ મેનેજમેન્ટ માટેની એક ડિજિટલ એપ્લિકેશન તરીકે સૈન્ય સામગ્રીની હેરફેર, કંટ્રોલ અને સપ્લાય ચેનને વધુ મજબૂત બનાવવાનું કામ કરશે.

- મધ્યપ્રદેશના પ્રખ્યાત **ખજૂરાહો મંદિર** ખાતે યોગ મહોત્સવ 2026ની શરૂઆત કરવામાં આવી. આ કાર્યક્રમ 21 જૂને આયોજિત થનારા 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના શરૂઆતના તબક્કા સ્વરૂપે આયોજિત કરવામાં આવ્યો. આ ઉત્સવ આયુષ મંત્રાલયની સંસ્થા મોરારજી દેસાઈ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ યોગ દ્વારા આયોજિત કરવામાં આવ્યો છે,જે નો ઉદ્દેશ્ય લોકોમાં યોગ પ્રત્યે જાગૃતિ વધારવાનો છે.

- ભારતીય રેલવેએ તેના માનવ સંસાધન અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશનને વધુ મજબૂત કરવા માટે એક મહત્વપૂર્ણ સિસ્ટમ લોન્ચ કરી. ઇન્ડિયન રેલવેએ **CHIRAG** (Centre for HR Information Systems,

Research and Analytics in Governance) નામના સેન્ટર ઓફ એક્સેલન્ટનું હૈદરાબાદના મૌલા અલી ખાતે ઉદઘાટન કર્યું. ચિરાગ કેન્દ્ર ખાતે આધુનિક કોમ્પ્યુટર લેબોરેટરીઝ અને રેકોર્ડિંગ સ્ટુડિયો બનાવવામાં આવ્યો છે જે રેલવેના વિવિધ કેડરના કર્મચારીઓને તેમના રોલ આધારિત તાલીમ પૂરી પાડશે.

- વૈજ્ઞાનિકોએ અંતરિક્ષમાંથી આવતું એક અત્યંત શક્તિશાળી અને ટૂંકું રેડિયો સિગ્નલ શોધી કાઢ્યું છે, જેને **FRB 202403048** નામ આપવામાં આવ્યું છે. આ સિગ્નલને બ્રહ્માંડમાંથી પ્રવાસ કરીને પૃથ્વી સુધી પહોંચવામાં આશરે 10 અબજ વર્ષનો સમય લાગ્યો છે. આ એક ફાસ્ટ રેડિયો બર્સ્ટ (FRB) છે, જે અંતરિક્ષમાં કોઈ શક્તિશાળી સ્ત્રોતમાંથી નીકળતા રેડિયો તરંગોનો ખૂબ જ ટૂંકો અને તીવ્ર ઝાટકો હોય છે. આ સિગ્નલ પહેલીવાર 4 માર્ચ 2024ના રોજ દક્ષિણ આફ્રિકામાં આવેલા મીરકેટ (MeerKAT) રેડિયો ટેલિસ્કોપ દ્વારા પકડવામાં આવ્યું હતું. જ્યારે બ્રહ્માંડ ત્રણ અબજ વર્ષ જૂનું હતું ત્યારે આ સિગ્નલ ઉત્પન્ન થયું હોવાનું માનવામાં આવે છે અને આ સમયગાળાને **કોસ્મિક નૂન** તરીકે ઓળખવામાં આવે છે.

- મધ્ય પ્રદેશના કુનો બાદ હવે ગુજરાતના કચ્છમાં આવેલું **બન્ની ઘાસિયા મેદાન** ચિત્તાના આગમન માટે તૈયાર છે. તેને દેશના પ્રથમ 'ચિત્તા કન્ઝર્વેશન બ્રીડિંગ સેન્ટર' તરીકે પસંદ કરવામાં આવ્યું છે. બન્નીનું મેદાન એશિયાનું સૌથી મોટું ઘાસિયા મેદાન છે અને તેનો સપાટ ભૂપ્રદેશ આફ્રિકાના સવાના જેવો હોવાથી ચિત્તા માટે અનુકૂળ માનવામાં આવે છે

## <u>29 મે</u>

- 29 મે આંતરરાષ્ટ્રીય માઉન્ટ એવરેસ્ટ દિવસ. આ દિવસ નેપાળના તેનઝિંગ નોર્ગે શેરપા અને ન્યૂઝીલેન્ડના સર એડમન્ડ હિલેરી દ્વારા વર્ષ 1953માં વિશ્વના સૌથી ઊંચા શિખર માઉન્ટ એવરેસ્ટ પર કરાયેલા પ્રથમ સફળ ચઢાણની યાદમાં ઉજવાય છે.

- 29 મે વિશ્વ પાચન સ્વાસ્થ્ય દિવસ. આદિવાસી પાચન સંબંધિત રોગો અને તેના નિવારણ વિશે લોકોમાં જાગૃતિ લાવવાના હેતુથી મનાવવામાં આવે છે.

- ઉલ્લાસ (Understandin of lifelong learning for all in society) કાર્યક્રમ હેઠળ સિક્કિમને સંપૂર્ણ સાક્ષર રાજ્ય જાહેર કરવામાં આવ્યું. સિક્કિમમાં 99.82% સાક્ષરતાનો દર નોંધાયો છે, જે કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા સંપૂર્ણ સાક્ષરતા માટે નક્કી કરવામાં આવેલા 95%ના બેન્ચ માર્ક કરતાં વધારે છે. આ સાથે હવે સિક્કિમ એ મિઝોરમ, ગોવા, ત્રિપુરા, હિમાચલ પ્રદેશ અને લદાખ જેવાં સંપૂર્ણ સાક્ષર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની યાદીમાં સામેલ થયું છે.

- અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ દ્વારા ગુજરાતના **ખાવડા** ખાતે 3.37 ગીગા વોટ -અવર ક્ષમતા ધરાવતી બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમની શરૂઆત કરવામાં આવી. ચીન બાદ વિશ્વમાં કોઈપણ એક જ સ્થળે સ્થાપવામાં આવેલો આ સૌથી મોટો બેટરી સ્ટોરેજ પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટ સૂર્યપ્રકાશ અને પવનની મદદથી પેદા થતી વધારાની વીજળીનો સંગ્રહ કરે છે અને જયારે વીજળીની માંગ વધુ હોય ત્યારે તેનો પુરવઠો પૂરો પાડવા માટે ઉપયોગી બનશે.

- કર્ણાટક ગ્રામીણ બેંકને અટલ પેન્શન યોજના હેઠળ અસાધારણ કામગીરી કરવા બદલ પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (PRDA) દ્વારા પુરસ્કાર આપવામાં આવ્યો. આ બેંક કર્ણાટક

રાજ્યમાં સૌથી શ્રેષ્ઠ પ્રદર્શન કરનારી બેંક બની છે. બેંકને તેના નિર્ધારિત લક્ષ્યાંક 1,75,500 ખાતાંની સામે 2,49,185 નવાં ખાતાં ખોલવા બદલ આ સન્માન પ્રાપ્ત થયું છે જે લક્ષ્યાંકના 142% જેટલી સ્થિતિ દર્શાવે છે.

- ભારતીય સુપ્રીમ કોર્ટે ઓનલાઇન ગેમિંગ કંપનીઓ પર પૂર્વ નિર્ધારિત અસરોથી 18% જીએસટી વસૂલવાના સરકારના નિર્ણયને માન્ય રાખ્યો. સુપ્રીમ કોર્ટ દ્વારા ગેમ ઓફ સ્કીલ અને ગેમ ઓફ ચાન્સ વચ્ચે સ્પષ્ટ કરતાં જણાવ્યું કે જ્યારે પણ નાણાકીય દાવ લગાવવામાં આવે છે ત્યારે તેને સટ્ટાબાજી અને જુગારની સમકક્ષ ગણીને ટેક્સ લગાવી શકાય છે.

- પૂર્વ ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુ અને પૂર્વ વડાપ્રધાન એચ. ડી. દેવગોડા દ્વારા **'અપનાપન: નરેન્દ્ર મોદી સંગ મેરે અનુભવ'** પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું આ પુસ્તક કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ દ્વારા લખવામાં આવેલું છે. પુસ્તકમાં શિવરાજ સિંહ ચૌહાણના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેના દાયકાઓના વહીવટી અને વ્યક્તિગત અનુભવો પર વિગતો લખવામાં આવેલી છે.

## 30 મે

- ગીરના સિંહોમાં બેબેસીયા અને સંભવીત સીડીવી (કેનાઇન ડીસટેમ્પર)નો રોગચાળો ફેલાયા બાદ સિંહોના મોતનો સીલસીલો અટકી રહ્યો નથી. જસાધાર એનિમલ કેર સેન્ટરમાં ઓબઝર્વેશનમાં રખાયેલા એક સિંહનું સારવાર દરમિયાન મોત થયું હતું. આ સાથે મરણાંક વધીને 6 થયો છે.

- કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધાર્થમૈયાએ પોતાના પદ પરથી રાજીનામું આપ્યા બાદ ડેપ્યુટી સીએમ અને પ્રદેશ અધ્યક્ષ **ડી. કે. શિવકુમારને** કોંગ્રેસ દ્વારા કર્ણાટકના મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા.

- કેન્દ્ર સરકાર પેટ્રોલ પછી ડીઝલનું પણ મિશ્રણ શરૂ કરી શકે છે. માર્ગ, પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના સચિવ વી. ઉમાશંકરે કહ્યું કે, ભારત આ વર્ષના અંત સુધીમાં ડીઝલમાં **આઇસોબ્યુટેનોલ** ભેળવવાનો આદેશ લાવી શકે છે. ભારત પેટ્રોલિયમ આના પર રિસર્ચ કરી રહ્યું છે.

- સુપ્રીમ કોર્ટ કોલેજિયમે સુપ્રીમ કોર્ટમાં પાંચ નવા ન્યાયાધીશોની નિમણૂક માટે સરકારને ન્યાયાધીશ શીલ નાગુ, ન્યાયાધીશ શ્રી ચંદ્રશેખર, ન્યાયાધીશ સંજીવ સચદેવ, ન્યાયાધીશ અરુણ પલ્લી અને વરિષ્ઠ વકીલ વી. મોહનાના નામની ભલામણ કરી છે. વી. મોહનાની નિમણૂક પછી, તેઓ પાંચ વર્ષમાં સુપ્રીમ કોર્ટના પ્રથમ મહિલા ન્યાયાધીશ બનશે.

- વાઈસ એડમિરલ **અજય કોચરે** નૌકાદળના 48મા વાઇસ ચીફ ઓફ નેવલ સ્ટાફ તરીકેનો કાર્યભાર સંભાળ્યો. તેમણે અગાઉ આંદામાન અને નિકોબાર કમાન્ડના કમાન્ડર-ઇન-ચીફ તરીકે સેવા આપી હતી. 1988 બેચના અધિકારી, અજય કોચર તોપખાના અને મિસાઇલ સિસ્ટમના નિષ્ણાત છે. તેમણે INS વિક્રમાદિત્ય સહિત પાંચ યુદ્ધ જહાજોનું નેતૃત્વ કર્યું છે અને INS ત્રિકંડના પ્રથમ કમાન્ડિંગ ઓફિસર તરીકે સેવા આપી છે.

- ઉર્દૂ કવિ અને ગઝલ લેખક ડૉ. બશીર બદ્રનું ભોપાલમાં અવસાન થયું અયોધ્યામાં જન્મેલા બશીરે ઉર્દૂ, હિંદી, અંગ્રેજી અને ફારસી ભાષામાં લખ્યું. સાહિત્યમાં તેમના યોગદાન બદલ તેમને 1999માં પદ્મશ્રી અને સાહિત્ય અકાદમી પુરસ્કારોથી નવાજવામાં આવ્યા હતા.

## 31 મે

- સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહને DRDOના અધ્યક્ષનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. CSIRના ડિરેક્ટર જનરલ એન. કલાઇસેલ્વીને પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. અને લઘુમતી બાબતોના સચિવ **શ્રીવત્સ કૃષ્ણને** રાષ્ટ્રીય લઘુમતી આયોગના સચિવનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે.

- ભારતના રાજ્યના ડિજિટલ અર્થતંત્ર અહેવાલ મુજબ, ભારત હવે વિશ્વનું **5મું** સૌથી મોટું ડિજિટલ અર્થતંત્ર છે. ગયા વર્ષે, ભારત 8મા ક્રમે હતું. AIની દ્રષ્ટિએ ભારત વિશ્વમાં **ચોથા** ક્રમે છે. ભારત વિશ્વમાં **બીજા** ક્રમનું સૌથી મોટું AI પ્રતિભા પૂલ ધરાવે છે. દેશે ડિજિટલ સેવાઓમાંથી $ 328 બિલિયનની આવક મેળવી છે.

- ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર કાયમી માનવ વસવાટ અને સંશોધન માટે નાસા દ્વારા એક વિશાળ 'ચંદ્ર ચોકી' (Moon Base) બનાવવાની મહત્વપૂર્ણ યોજના જાહેર કરવામાં આવી છે. આ આઉટપોસ્ટ (ચંદ્ર ચોકી) શેકલટન કનેક્ટિંગ રિજ (Shackleton Connecting Ridge) પર બનાવવામાં આવી રહી છે, જે આર્ટિમિસ (Artemis) મિશનના અવકાશયાત્રીઓ માટે હોમ બેઝ તરીકે કાર્ય કરશે. આમાં રોબોટિક લેન્ડર, મૂન રોવર અને ડ્રોનનો ઉપયોગ કરવામાં આવશે. 'મૂન બેઝ-I, II અને III' નામનાં ત્રણ માનવરહિત મિશન આ વર્ષે લોન્ચ કરવામાં આવશે. નાસા આ પ્રોજેક્ટ પર **બ્લુ ઓરિજિન** સાથે કામ કરી રહ્યું છે.

  **'ચંદ્ર ચોકી'ના ઉદ્દેશ્યો:** ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર છુપાયેલા બરફ અને પાણીના ભંડારોનો અભ્યાસ કરવો, ભવિષ્યના મંગળ મિશન માટે ટેકનોલોજીનું પરીક્ષણ કરવું અને સતત માનવ હાજરી માટે જરૂરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવું.

- ઉત્તર પ્રદેશે 2026માં પરીક્ષા વ્યવસ્થાપન માટે એઆઇ આધારિત અને ડિજિટલ સિસ્ટમ રજૂ કરી. આ સિસ્ટમ અંતર્ગત પરીક્ષા કેન્દ્ર પર બારકોડ આધારિત હાજરી, રિયલ ટાઇમ મોનિટરિંગ, બાયોમેટ્રિક ચકાસણી અને ડિજિટલ મૂલ્યાંકન એઆઇના માધ્યમથી કરવામાં આવશે.

- નેશનલ મેડિકલ કમિશન દ્વારા બહાર પાડવામાં આવેલા એક ગેજેટ નોટિફિકેશન અંતર્ગત MBBS કોર્સ પૂર્ણ કરવા માટે મહત્તમ સમયગાળો 9 વર્ષથી વધારીને 10 વર્ષનો કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો.




એક એપ, બધી પરીક્ષાઓ
કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...
સરકારી નોકરીની
તૈયારી કરો
ડાઉનલોડ કરો ગુજરાતની નં.1 એપ
CRACK GPSC
UPSC - GPSC - PI - PSI - RFO
Dy. SO/નાયબ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ
CCE | TAT | TET | HTAT
ક્લાસ 1, 2 અધિકારી બનવાનું કે
સરકારી નોકરી મેળવવાનું સ્વપ્ન કરો સાકાર.
ડાઉનલોડ કરો Crack GPSC એપ
અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી
અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે Crack GPSC
વધુ વિગત માટે સંપર્ક કરો. 7600051070